ओ३म्

॥ कृण्वन्तो विश्वमार्यम् ॥

# આર્ય વૈદિક દર્શન

Arya Vaidik Darshan

(Monthly)

ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભાનું માસિક મુખપત્ર



तेजोऽसि तेजो मयि धेहि।

हे परमेश्वर ! तू तेजस्वी है। मुझे भी तेजस्वी बना दे

| | | |
|---|---|---|
| सृष्टि संवत् | : | १,९६,०८,५३,११५ |
| विक्रम संवत् | : | २०७१ |
| दयानन्दाब्द | : | १९० |
| वर्ष | : | १ |
| अंक | : | ४ (अेप्रिल - २०१४) |
| वार्षिक शुल्क | : | १०० रुपये. |
| पृष्ठ संख्या | : | १० |

स्वत्वाधिकारी गुजरात प्रान्तीय आर्य प्रतिनिधि सभा, अहमदाबाद की ओर से प्रकाशक, मुद्रक सुरेशचन्द्र अग्रवाल द्वारा नचिकेत आर्ट प्रिन्टर्स, ११, गैलेक्सी कोमर्शियल सेन्टर, जवाहर रोड, राजकोट से मुद्रित तथा कार्यालय आर्यसमाज, महर्षि दयानंद मार्ग, कांकरिया, अहदाबाद-३८००२२ से प्रकाशित, सम्पादक-सुरेशचन्द्र अग्रवाल

## ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભાનો પુરોહિત ચિંતન અને પ્રશિક્ષણ શિબિર સંમ્પન્ન

### આર્યસમાજોમાં વૈદ્દિક પાઠશાળા સંચાલિત કરવા પુરોહિત જવાબદારી સંભાળશે.

ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા દ્વારા પુરોહિતો માટે ચિંતન અને પ્રશિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ગુજરાતની આર્યસમાજોમાં સેવા આપતા પુરોહિતોને સામેલ કરવામાં આવ્યાં. શિબિરનો મુખ્ય ઉદ્દેશ્ય એ હતો કે પુરોહિતોમાં ઉત્સાહ વૃદ્ધિ કરી તેમને વૈદિક ધર્મના પ્રચારમાં સક્રિય ભૂમિકા નિભાવવાની પ્રેરણા આપવી. તેના ભાગ રૂપે જે વિષયોં પર ચિંતન થયું અને પ્રશિક્ષણ આપવામાં આવ્યુ તે આ મુજબ હતાં. ૧. મંત્રોચ્ચારણમાં શુદ્ધતા લાવવી. ૨. યજ્ઞ અને સંસ્કારોની પ્રક્રિયામાં એકરૂપતા સ્થાપિત કરવી. ૩. સત્સંગ, સભા, સંમેલનોમાં વિષય પ્રતિપાદન કરવાની કુશળતા પ્રાપ્ત કરવી. ૪. શંકા-સમાધાન કરવાની યોગ્યતા પ્રાપ્ત કરવી. ૫. આર્યસમાજ મંદિરોમાં વૈદિક પાઠશાળા શરૂ કરી તેમાં પ્રશિક્ષણ આપવાની જવાબદારી નિભાવવી. ૬. પુરોહિત અને યજમાનો માટે આચાર સંહિતા લાગુ કરવી. ૭. યજ્ઞ સંસ્કારોમાં અવૈદિક ક્રિયાઓના પ્રવેશની સંભાવનાઓથી સતર્ક રહેવું.

> જેનો આર્થિક વ્યવહાર પવિત્ર હોય છે, તે સૌથી વધુ પવિત્ર છે.
> **– આચાર્ય રામદેવ**

ત્રણ દિવસ ચાલેલ આ શિબિરમાં વિભિન્ન સત્રોમાં લાંબી ચર્ચાઓ થઇ જેની મહત્ત્વપૂર્ણ વિશેષતા એ રહી કે તમામ ચર્ચાઓ હકારાત્મક વાતાવરણમાં થઇ. જેની ફલશ્રુતિ એ રહી કે પ્રાંતીય સભા દ્વારા વૈદિક ધર્મ પ્રચારની ચાલુ કરવામાં આવતી તમામ યોજનાઓ - કાર્યોમાં પોતાની જવાબદારી નિભાવવાની પુરોહિતોએ તૈયારી બતાવી.

> પુરોહિત આર્યસમાજનું દર્પણ છે.
> **– સુરેશચંદ્ર અગ્રવાલ**

પુરોહિતોને જણાવવામાં આવ્યું કે તેઓ પોતાને કર્મચારી નહીં પરંતુ કર્મયોગી સમજે. પુરોહિત આર્યસમાજ મંદિરની સાચી ઓળખ છે. તે પોતાના વ્યવહારથી આર્યસમાજ મંદિરની મુલાકાતે અવનાર મુકાલાતીઓને વૈદિક દષ્ટિકોણથી પરિચિત કરાવી સંતુષ્ટ કરી શકે છે. પુરોહિતનો વ્યવહાર એવો અનુકરણીય હોય કે જેનાથી સમાજ પ્રેરણા લે. જેવી રીતે યજ્ઞ કર્મ શ્રેષ્ઠતમ કર્મ છે, તેવી જ રીતે પુરોહિતનું કર્તવ્ય છે, સમાજને શ્રેષ્ઠતમ્ બનાવવો. તે જનસંપર્ક કરો. દરરોજ અથવા દર સપ્તાહે ઘર-પરિવારો અને આસપાસના ગામોની મુલાકાત લઇ તેઓને યજ્ઞ કરવા અને સાપ્તાહિક સત્સંગોમાં પધારવાની પ્રેરણા આપે. વૈદિક સાહિત્ય વિતરીત કરે. પુરોહિતોને એ પણ પ્રેરણા આપવામાં આવી કે તેઓ પોત-પોતાની આર્યસમાજોમાં આર્યવીરદળની સ્થાપના કરીને તેના સંચાલનની જવાબદારી સંભાળે.



> પુરોહિત અનુકરણીય હોય છે, સમાજ તેનું અનુકરણ કરે છે.
> **– પં. રામસ્વરૂપ**

–અનુસંધાન ૨ બીજા પર...

# વાનપ્રસ્થ સાધક આશ્રમ રોજડ ખાતે વૈદિક આધ્યાત્મિક ન્યાસનું દ્વિતીય સંમેલન યોજાયું.

આર્યસમાજનાં વૈદિક વિદ્વાનોને એક સંગઠન સૂત્રમાં બાંધવાાનો અદ્ભૂત પ્રયાસ પૂ. સ્વામી સત્યપતિજી દ્વારા કરવામાં આવેલ છે. વિદ્વાનો એક મંચ પર એકઠા થાય અને આધ્યાત્મિક અને વૈદિક સૂક્ષ્મ સિદ્ધાંતોની ગોષ્ઠી કરે, નિષ્કર્ષ કાઢે અને વિશ્વમાં વૈદિક નાદ ગુંજાયમાન થાય એવાં શુભ હેતુથી વૈદિક આધ્યાત્મિક ન્યાસની રચના કરવામાં આવેલ છે. જેનુ પ્રથમ પરિચય સંમેલન તા.૧૪-૧૫ જાન્યુ. ૨૦૧૨ માં વાનપ્રસ્થ સાધક આશ્રમ, રોજડ ખાતે યોજાયું હતું. જેની સફળતાએ આર્યસમાજમાં એક આશા અને વિશ્વાસનું વાતાવરણ ઊભુ કર્યુ હતું. આ ન્યાસનું દ્વિતીય સંમેલન ગત તા. ૭-૮-૯ ફેબ્રુઆરી ૨૦૧૪ ના વાનપ્રસ્થ સાધા આશ્રમ, રોજડ ખાતે યોજાઇ ગયું. સંમેલનમાં પૂ. સ્વામી સત્યપતિજીના દર્શન અને આશીર્વાદ પ્રાપ્ત થયા, તેમજ અનેક વિદ્વાનોનો પરસ્પર પરિચય અને વિચારોના આદાન-પ્રદાનનો અવસર પ્રાપ્ત થયો. સંગોષ્ઠીમાં વિવિધ સત્રોમાં અનેક વિષયો પર સાર્થક પરિચર્ચાઓ થઇ. જિજ્ઞાસા સમાધાન પણ કરવામાં આવ્યું.

ઉદ્ઘાટન સત્ર આચાર્ય જ્ઞાનેશ્વરજીની અધ્યક્ષતામાં યોજવામાં આવ્યું. જેનું સંચાલન આચાર્ય સોમદેવજીએ કર્યુ હતું. જેમાં ગત સંમેલનનો સાર, ન્યાસનું આર્થિક વિવરણ વગેરે રજુ થયા. બીજા સત્રની અધ્યક્ષતા સ્વામી ઋતસ્પતિજીએ કરી હતી અને સંચાલન આચાર્ય સંદીપજીએ કર્યુ હતું. સત્રનો વિષય હતો 'સૃષ્ટિ સંવત' ત્રીજા સત્રની અધ્યક્ષતા આચાર્ય સત્યપ્રકાશજીએ કરી હતી અને સંચાલન આચાર્ય સુખદાજીએ કર્યુ હતુ. વિષય હતો' કારણ શરીરનું સ્વરૂપ શું છે ?' ચોથા સત્રની અધ્યક્ષતા આચાર્ય આનંદપ્રકાશજીએ કરી હતી અને સંચાલન આચાર્ય સનત્કુમારજીએ કર્યુ હતું. વિષય હતો 'આત્માનું સ્વરૂપ' પાંચમુ સત્ર સ્વામી ઋતસ્પતિની અધ્યક્ષતા અને આચાર્યા શીતલજીના સંચાલનમાં યોજાયું જેનો વિષય હતો 'મોક્ષ પૂર્વ કર્માશયની સ્થિતિ' છઠ્ઠુ સત્ર સ્વામી અમૃતાનંદજીની અધ્યક્ષતા અને આચાર્ય હરીશજીના સંચાલન હેઠળ યોજાયું. જેમાં 'કોઇ નવું કાર્ય અને નવો વિચાર' વિષય પર વિવિધ સ્થાનોએથી પધારેલા વિદ્વાનોએ પોતાનાં ક્ષેત્રમાં વૈદિક સિદ્ધાંતોનાં પ્રચારને વેગ આપતા કાર્યોની જાણકારી આપી હતી. જે અન્યો માટે પ્રેરણાદાયી હતી. સાતમા અને અંતિમ સત્રની અધ્યક્ષતા આચાર્ય આનંદપ્રકાશજીએ કરી હતી અને સંચાલન આચાર્ય આશીષજીએ કર્યુ હતું. જેમાં 'જીવાણુ અને વિષાણુ વગેરે સજીવ છે કે નિર્જીવ તથા તે ભોગ યોનિ છે કે નહીં' એ વિષય ચર્ચા-વિચારણા ચાલી હતી.


આઠમુ સમાપન સત્ર યોજાયુ હતું. આ પ્રસંગે પૂ. સ્વામી સત્યપતિજીએ પોતાનાં આશીર્વચનોમાં કહ્યુ હતું કે સંગઠિત રહીને જ તમે તમારો પોતાનો તથા સંસારનો સર્વાધિક ઉપકાર કરી શકશો. અધ્યક્ષ સ્થાનેથી આચાર્ય જ્ઞાનેશ્વરજીએ ન્યાસનાં ઉદ્દેશોને સદા યાદ રાખવા અને પુરુષાર્થ કરવા આહ્વાહન કર્યુ હતું ઃ અંતમાં સંગઠન સૂક્ત અને શાંતિપાઠ સાથે આનંદોત્સાહપૂર્વક સંગોષ્ઠીની પૂર્ણાહુતિ થઇ હતી.

સંપૂર્ણ કાર્યક્રમને સફળ બનાવવામાં વાનપ્રસ્થ સાધક આશ્રમનાં આચાર્યો, વાનપ્રસ્થીઓ, બ્રહ્મચારીઓની રાત-દિવસની સતત મહેનત રંગ લાવી હતી.

---

– અનુસંધાન પાનાનં ૧ નું ચાલું...

પ્રાંતીય સભાએ નિર્ણય કર્યો છે કે ગુજરાતની આર્યસમાજોમાં વૈદિક પાઠશાળા સ્થાપિત કરવી. જેમાં આર્યપરિવારો તથા અન્ય પરિવારોનાં બાળકોને પ્રતિદિન અથવા સપ્તાહમાં એક કે બે દિવસ એક-બે કલાક માટે બોલાવવા અને તેઓને ઇશ્વર ભક્તિ, પિતૃભકિત, ચરિત્ર નિર્માણ, શિષ્ટાચાર વગેરેનું શિક્ષણ આપવામાં આવે. આ પાઠશાળામાં પુરોહિતોએ પ્રશિક્ષકનું કાર્ય કરવું. શિબિરાર્થી પુરોહિતોએ આ કાર્ય માટે ઉત્સાહ બતાવ્યો અને પાઠ્યક્રમ નિર્ધારિત કરી આગામી જૂન માસથી પાઠશાળાઓનો પ્રારંભ કરવા તત્પરતા બતાવી.



શિબિરાર્થીઓને માર્ગદર્શન આપવાની અમૂલ્ય સેવા આચાર્ય રામદેવજી (પ્રાચાર્ય ઉપદેશક મહાવિદ્યાલય - ટંકારા) પં. રામસ્વરૂપજી (અજમેર), આચાર્ય નવાનંદજી દર્શનાચાર્ય (ટંકારા) અને આચાર્ય શૈલેન્દ્રજી (ગાંધીનગર)એ પ્રદાન કરી હતી.

શિબિરમાં પ્રાંતીયસભાના પ્રધાન માનનીય શ્રી સુરેશચન્દ્રજી અગ્રવાલ એવં બૃહદ્ સૌરાષ્ટ્ર આર્ય પ્રાદેશિક સભાના પ્રધાન શ્રી રણજીતસિંહ પરમાર પણ ઉપસ્થિત રહ્યા અને પોતાનાં વિચારોથી સૌનો ઉત્સાહ વધાર્યો હતો.

શિબિર મહર્ષિ દયાનંદ સરસ્વતી સ્મારક મહાલય, ટંકારાના શાંત, પવિત્ર અને પ્રાકૃતિક વાતાવરણમાં આયોજિત કરવામાં આવ્યો.

શિબિરનું સંયોજન અને સંચાલન સભામંત્રીશ્રી હસમુખભાઇ પરમારે કર્યું.

# ચરોતર પ્રદેશ આર્યસમાજ – આણંદ દ્વારા ઋષિ બોધોત્સવ પર્વ – ૨૦૧૪ની ભવ્ય ઉજવણી સંપન્ન

સંવત ૨૦૭૦ ના મહા વદ- ૧૩ ને તા. ૨૭-૨-૧૪ ને ગુરૂવારના રોજ સવારે ૯-૦૦ થી ૧-૦૦ વાગ્યા દરમ્યાન ચરોતર પ્રદેશ આર્યસમાજ - આણંદના પ્રાંગણમાં મહા શિવરાત્રીના શુભ પ્રસંગે ઋષિ બોધોત્સવ પર્વની પરંપરાગત રીતે ધામધૂમથી ભવ્ય ઉજવણી વિવિધ કાર્યક્રમો દ્વારા કરવામાં આવી. અમૂલ્ય માનવ જન્મ ધારણ કરીને મોક્ષ મેળવવાનું એકમાત્ર લક્ષ્ય પ્રાપ્ત કરવા સાચા શિવનો બોધ ગ્રહણ કરવાના આ પાવન પ્રસંગે ચરોતરના સેંકડો આર્ય-બંધુઓ, વિદ્યાર્થી ભાઇ-બહેનો, વાલીઓ, શિક્ષકો તથા આમંત્રિત મહાનુભાવો વિગેરેએ મોટી સંખ્યામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

સંસ્થાના વ્યવસ્થાપક શ્રી વિજયકુમાર આર્યએ સંસ્થા તરફથી હાજર સૌ મહાનુભાવોનું હાર્દિક સ્વાગત કર્યું હતું. ઋષિ બોધોત્સવ પર્વ પ્રસંગે દર્શનયોગ મહાવિદ્યાલય, રોજડથી ખાસ આમંત્રિત બ્ર. દિનેશકુમારજી (વૈદિક પ્રવકતા) એ પોતાના વિચારો રજૂ કરતા જણાવ્યું હતું કે, આ સંસારમાં અનેક પ્રકારની સાધારણ ઘટનાઓ જનસામાન્ય સમક્ષ દરરોજ ઘટતી રહે છે. જનસાધારણની દષ્ટિએ તેનું મહત્વ હોતું નથી. જનસામાન્ય એક ક્ષણ જોઇને બીજી ક્ષણે ભુલી જાય છે, પરંતુ એજ સાધારણ ઘટનાઓ મહાપુરૂષોના જીવનમાં મહાન પરિવર્તન લાવી દે છે. ઇતિહાસ સાક્ષી છે કે અતિ સાધારણ ઘટનાઓએ જગતમાં મોટી મોટી ક્રાંતિ કરી દીધી છે. અહીંયા હું મહર્ષિ દયાનંદજીની વાત કરૂ છું, જેમને શિવરાત્રીની ઘનઘોર રાત્રિએ શિવલીંગ ઉપર ઉંદરડાને ઉત્પાત્ત મચાવતા જોઇને શંકા થઇ કે આ શિવલીંગ ભગવાન છે કે નથી ? તે સાચા શિવ છે કે પથ્થરની મૂર્તિ માત્ર છે ? ત્યારે તેઓએ મનોમન સંકલ્પ લીધો કે હું સાચા શિવનો સાક્ષાત્કાર કર્યા વિના તેનું પૂજન કદાપિ નહીં કરૂં. ઉંદરડાની આ ક્ષુદ્ર ઘટનાએ જ નાનકડા મૂળશંકરને મહર્ષિ દયાનંદ બનાવ્યા. બોધરાત્રિનું આ વૃતાંત મહર્ષિ દયાનંદજીના વ્રતની દ્રઢતાનું સૂચક છે.




વિદ્યાર્થીઓ માટેના નિબંધ સ્પર્ધાના વિષય "રાષ્ટ્રનો નેતા કેવો હોવો જરૂરી જોઇએ ?" ઉપર મંતવ્ય રજૂ કરતાં બ્રહ્મચારીએ જણાવ્યું કે - રાષ્ટ્રનો નેતા અનેક સદ્‌ગુણો યુક્ત જેવા કે - પરાક્રમી, પ્રતાપી, નિર્ભીક, બળવાન, સત્યવાદી, પરોપકાર, ચરિત્રવાન, પક્ષપાત રહિત વગેરે ગુંણો યુક્ત હોવો જોઇએ. રાષ્ટ્ર નેતા પ્રજાની સુખાકારી માટે હંમેશા તત્પર રહે તેવો હોવો જોઇએ. વિદ્યાર્થી ભાઇ-બહેનોને બોધ આપતા બ્ર. દિનેશકુમારજીએ વિશેષમાં જણાવ્યું હતું કે માતા-પિતા આપ સૌને તનતોડ મહેનત કરીને ભણાવે - ગણાવે છે. તો આપ સૌએ ખૂબ પરિશ્રમ કરીને ધ્યાનપૂર્વક ભણવું જોઇએ. સવારે વહેલા ઉઠવું જોઇએ અને માતાપિતાને નમસ્તે કરવા જોઇએ. વ્યાયામ-યોગાસન ધ્યાન નિયમિત કરવું જોઇએ તથા ભણવા ઉપરાંત માતાપિતાના રોજીંદા કાર્યોમાં યથાશક્ય મદદ કરવી જોઇએ. વિદ્યાર્થીનીઓએ તો ખાસ ઘરના રોજીંદા કામ કરતા શીખવું જોઇએ અને માતાની મદદ કરવી જોઇએ. તદઉપરાંત વેદની આજ્ઞા "માતૃદેવો ભવ, આચાર્યોદેવો ભવ, અતિથિ દેવો ભવ" મુજબ માતા, પિતા, આચાર્ય, અતિથિઓનું યોથાયોગ્ય માન-સન્માન-સેવા-મદદ કરવી તે આપણા સૌનું પરમ કર્તવ્ય છે. મનુસ્મૃતિનો પ્રસિદ્ધ શ્લોક છે : "અભિવાદનશીલસ્ય નિત્યં વૃદ્ધોપસેવિનઃ ચત્વારિ તસ્ય વર્ધન્તે આયુર્વિદ્યા યશો બલમ્." જે સદા નમ્ર સુશીલ વિદ્વાન અને વૃદ્ધોની સેવા કરે છે તેમનું આયુષ્ય, વિદ્યા, કીર્તિ અને બળ એ ચાર સદા વધે છે, જે આવું નથી કરતો તેનું આયુષ્ય વગેરે ચાર વધતા નથી. અંતમાં ઉપસ્થિત જનસમુદાયને મહર્ષિ દયાનંદ સરસ્વતીના જીવન ચરિત્રને વાંચવાનું તથા વેદાદિ સતગ્રંથોનો સ્વાધ્યાય કરી તે મુજબ આચરણ કરવા માટે સંકલ્પબદ્ધ થવાનો બોધ આપ્યો હતો.

આ પ્રસંગે આણંદ જિલ્લા ભાજપના મહામંત્રી, આર્યસમાજ આણંદના અંતરંગ સભ્ય, શાખા આર્યસમાજ ઉમરેઠના પ્રમુખ, આણંદ અને ખેડા જિલ્લા ગ્રામદ્યોગના પ્રમુખ, પૂર્વ ધારાસભ્ય અતિથિવિશેષ શ્રી લાલસિંહજી વડોદીયાનો આર્યસમાજ, આણંદના અંતરંગ સભ્ય શ્રી જશવંતસિંહ સોલંકીએ હાજર સૌ ને પરિચય આપ્યો હતો અને રાજ્યસભાના સાંસદ તરીકે નિમણૂંક થવા બદલ શ્રી લાલસિંહજી વડોદીયાનું ઓમ્‌ની પ્રતિકૃતિ તથા વૈદિક પુસ્તકોનો સેટ બ્ર. દિનેશકુમારજીના હસ્તે અર્પણ કરાવીને જાહેર અભિવાદન કર્યું હતું.

- અનુસંધાન પાના ૪ પર...

# આર્યસમાજ – અમદાવાદ દ્વારા અને વૈદિક સંસ્થાન ઓઢવના તત્વાવધાનમાં યોજાતા પ્રશંસનીય કાર્યક્રમો

વૈદિક સંસ્થાન ઓઢવનાં યુવા કાર્યકરોની ટીમ અમદવાદમાં વૈદિક સંદેશની આહ્લેખ જગાવી રહી છે. ગત તા.૨૩ માર્ચના રોજ 'ગૃહસ્થ જીવનને સુખી કઇ રીતે બનાવવું' એ વિષય પરનો દ્વિતીય કાર્યક્રમ સુંદર આયોજન સાથે સફળ થયો. શહીદવીર મંગલપાંડે ઓડિટોરિયમ ઓઢવ ખાતે આશરે ૮૦૦ શ્રોતાઓની ઉપસ્થિતિમાં સ્વામી વિવેકાન્દ પરિવ્રાજકે ઉપરોકત વિષય પર પોતાનું મનનીય પ્રવચન આપ્યું હતું. સ્વામીજીએ જણાવ્યું કે આજનો માણસ મનુષ્ય જીવનને યોગ્ય રીતે સમજી શકતો નથી. જેનું મુખ્ય કારણ મનુષ્યને જે પ્રકારનું શિક્ષણ મળવું જોઇએ તે મળતુ નથી. વૈદિક શાસ્ત્રોનો અભ્યાસ કરાવવામાં આવતો નથી. પ્રાચીન શિક્ષણ વ્યવસ્થા તરફ પાછા વળવાથી માનવ નિર્માણ સંભવ છે. મનુષ્ય કરતા ઇશ્વરની બુદ્ધિ શ્રેષ્ઠ છે. આથી ઇશ્વરીય વ્યવસ્થાને સ્વીકારવાથી સુખ મળશે. સંસારમાં પ્રશ્નો પેદાં થવાનાં કારણો છે સ્વાર્થ અને અવિદ્યા. ઇશ્વરમાં આ બંનેથી પર છે. આથી ઇશ્વરની બુદ્ધિથી વિચારવા, તેની આજ્ઞાનું પાલન કરવાથી તમામ સમસ્યાથી બચી શકાય છે.

સ્વામીજીએ માનવ સમાજના વ્યક્તિગત જીવનમાં ચાર આશ્રમોનું પાલન કરવા અને સામાજિક જીવનમાં ગુણ-કર્માનુસાર વર્ણવ્યવસ્થાનું પાલન કરવા જણાવ્યું હતું.

સ્વામીજીએ કહ્યું કે ગૃહસ્થીએ પોતાની દિનચર્યા નિયમિત બનાવવી જોઇએ. વહેલાં સૂવુ અને વહેલાં ઊઠવું, બાળક-સંતાનને ધાર્મિક બનાવવા, અનુશાસનનું પાલન કરતા શીખવવું, પૈસાની પાછળ આંધળી દોટ ન લગાવવી વગેરે સરળ શૈલીમાં સમજાવ્યુ હતું.

કાર્યક્રમનો પ્રારંભ ઉપસ્થિત મુખ્ય મહેમાનોના વરદ હસ્તે દીપ પ્રાગટ્યથી કરવામાં આવેલ હતો. વૈદિક સંસ્થાનનાં કાર્યકર્તાઓએ કરેલ પરિશ્રમનું પરિણામ એ હતું કે શ્રોતાવર્ગમાં આર્યસમાજથી અપરિચિત બુદ્ધિજીવી વર્ગ સવિશેષ પ્રમાણમાં હતો. જેમાં માત્ર અમદાવાદશહેરના જ નહીં પુરતુ દૂરના ગામો-શહેરમાંથી પણ શ્રોતાજનો પ્રેરાઇને હાજર રહ્યા હતાં.

કાર્યકર્તાઓની કાર્યશૈલી-વ્યવસ્થા અને નમ્રતા અમદાવાદમાં તો વૈદિક જ્યોત જગાવશે જ પરંતુ તેમાંથી ગુજરાતની અન્ય આર્યસમાજો પ્રેરણા લેશે તો તેઓ પણ પોતાના વિસ્તારમાં વેદપ્રકાશ પ્રસરાવી શકશે.

મંચ સંચાલન શ્રી લાલચંદજી આર્યએ ખૂબ સુંદર રીતે કર્યુ હતું.

---

– અનુસંધાન ૩ નું ચાલુ...

વિદ્યાનગરના સુપ્રસિદ્ધ આર્ટિસ્ટ શ્રી અશોકભાઇ ખાંટે ઋષિ બોધોત્સવ પ્રસંગે મહાન સમાજ સુધારક તરીકેનો કન્યા કેળવણીના હિમાયતી તરીકેનો, યજ્ઞ દ્વારા પર્યાવરણ શુદ્ધિથી મનુષ્ય જાતિને ઉન્નત બનાવવાનો સંદેશો આ પ્રતિકૃતિમાં આપવામાં આવ્યો છે.

સંસ્થાએ શ્રી અશોકભાઇ ખાંટનું બ્ર. દિનેશકુમારજીના હસ્તે સ્મૃતિ-ચિહ્ન ભેટ આપીને સન્માન કર્યું હતું.

ચરોતરની વિવિધ ૩૪ હાઇસ્કૂલોમાં આ વર્ષે નિબંધ સ્પર્ધાનું આયોજન થયું જેમાં શાળા દીઠ પ્રથમ, દ્વિતીય, તૃતીય ક્રમ મેળવનાર વિદ્યાર્થી ભાઇ-બહેનોને સંસ્થા તરફથી પ્રમાણપત્ર - ફોલ્ડર ફાઇલ બેગ તથા ૮ નંગ વૈદિક પુસ્તકોનો ભેટ આપવામાં આવ્યા હતાં.

આભાર વિધિ સંસ્થાના વ્યવસ્થાપક શ્રી વિજયકુમાર આર્ય એ કરી હતી. ત્યાર બાદ શાંતિપાઠ, જયઘોષ અને પ્રીતિભોજન સાથે ઋષિબોધોત્સવ પર્વ - ૨૦૧૪ની સફળતા પૂર્વક ઉજવણી સંપન્ન થઇ હતી.

# આર્યસમાજ વઢવાણ દ્વારા વેદકથાનું આયોજન

આર્યસમાજ વઢવાણ(જિ. સુરેન્દ્રનગર) દ્વારા આગામી તા. ૨૩ એપ્રિલ થી ૨૭ એપ્રિલ-૨૦૧૪ (પાંચ દિવસીય) વેદકથાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં મુખ્ય વકતા તરીકે આચાર્ય અજયજી (સોનીપત) રહેશે. કથાનો સમય સવારના ૯ થી ૧૨ અને બપોરે ૪ થી ૬ રહેશે. રાત્રિ સત્રમાં શંકા સમાધાન રહેશે. તેમજ વૈદિક ભજનનો લોકડાયરો અને ભારત જન વિજ્ઞાન જાથાનો અંધશ્રદ્ધા નિવારણનો કાર્યક્રમ યોજાશે.

# આર્યસમાજ નડિઆદ દ્વારા વિવિધ કાર્યક્રમો યોજાયા

ગત દિવસોમાં આર્યસમાજ નડિઆદ દ્વારા ધર્મ પ્રચારનાં વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યાં. તા.૧૩ માર્ચ થી ૧૫ માર્ચ ૨૦૧૪ સેવા યજ્ઞ યોજાયો. જેનો લાભ જયસ્વાલ સમાજનાં ધર્મપ્રેમી સજ્જનો અને પદ્યાત્રા કરી ડાકોર જતા યાત્રાળુઓએ લીધો હતો. પં. દિનેશચંદ્ર આર્યએ બ્રહ્મસ્થાને બેસી યજ્ઞ સંપન્ન કરાવ્યો, તેમજ વૈદિક ધર્મ અને તેનું માનવ ઉત્થાનમાં સ્થાન અંગે વિવિધ મુદ્દાઓની છણાવટ કરી હતી. તેમજ આર્યસમાજ નડિઆદ દ્વારા વૈદિક સાહિત્ય ભેંટ આપવામાં આવ્યું હતું.

તા.૧૬ માર્ચના રોજ વાસંતીયનવશસ્યેષ્ઠિ (હોળી) પર્વ આર્યસમાજ નડિયાદના કાર્યાલયમાં ઉજવવામાં આવ્યું હતું. જેમાં આર્યસમાજનાં પદાધિકારીઓ તથા આસપાસનાં ગૃહસ્થીઓ પણ પધાર્યા હતાં. આ પ્રસંગે પં.દિનેશચંદ્રજીએ હોળીનું મહત્વ સમજાવ્યુ હતું તથા રંગોથી ખેલાતી હોળીથી થતી હાનિ સમજાવી અને માત્ર ફૂલોથી હોળી રમવા જણાવ્યું હતું. ત્થા ઉપસ્થિત બાળકોએ પ્રેરણા લઇ રંગોની હોળી નહીં ખેલવા નિર્ણય કર્યો હતો. કાર્યક્રમ ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં સંમ્પન્ન થયો હતો.

# આર્યસમાજ ટંકારાએ હોળી દહનમાં સ્થાનીય જનતાને વૈદિક સંદેશો આપ્યો

આર્યપર્વોની ઉજવણી દરેક આર્યસમાજોમાં કરવામાં આવે છે. ટંકારા આર્યસમાજ મંદિરમાં નવીન અનાજ-રવિપાકની વિશેષ આહુતિઓ આપી નવશસ્યેષ્ઠિ યજ્ઞ કરાવવામાં આવ્યો. તેમજ આ યજ્ઞની પ્રાચીનતા અને મહત્વ તથા તેમાં આવેલી વિકૃતિઓ તથા પૌરાણિક કથાની સમીક્ષા કરી સાચી સમજણ આપવામાં આવી.

પરંપરાગત રીતે શેરી-ગલીઓમાં થતાં હોલિકા દહનથી ફેલાતુ પ્રદૂષણ ઓછું થાય અને લોકોને આ સામૂહિક યજ્ઞનો સંદેશ સમજાય એ હેતુથી છેલ્લા કેટલાંક વર્ષો થયા આર્યસમાજ ટંકારાનાં સદસ્યો અને આર્યવીરો હોલિકાદહન સમયે ગામની પ્રત્યેક હોળી સ્થળે મોટી માત્રામાં હવન સામગ્રી સાથે લઇ જઇ વેદ મંત્રોચ્ચાર સાથે આહુતિઓ આપવા જાય છે. જેમાં ત્યાં ઉપસ્થિત લોકોને પણ સામેલ કરવામાં આવે છે. પ્રત્યેક વર્ષે આ રીતનું આયોજન થતું હોવાથી લોકો પણ આહુતિ આપવા રાહ જોતા હોય છે. સૌ હોંશભેર જોડાય છે.આ સમયે લોકોને હોળીનું સાચુ મહત્ત્વ સમજાવવામાં આવે છે. જે પરંપરા ચાલુ વર્ષે પણ જળવાઇ રહી હતી, અને આ કાર્યમા મોટી સંખ્યામાં આર્યવીરો જોડાયા હતાં.

# આર્યવીર દળ ટંકારાએ ઉજવ્યો ૨૩ માર્ચ શહીદદિવસ મશાલ સરઘસનું આયોજન થયું

૨૩મી માર્ચ શહીદ દિવસ સરદાર ભગતસિંહ, સુખદેવ અને રાજગુરૂને અંગ્રેજ સરકારે ફાંસીએ લટકાવ્યાનો દિવસ. આજના દિવસને દેશભરમાં અમર બલિદાની ક્રાંતિવીરોને યાદ કરી નવી પેઢીમાં રાષ્ટ્ર ભાવના જગાડવાનો પ્રયત્ન કરવામાં આવે છે. આર્યવીર દળ ટંકારાએ આજના દિવસે ટંકારાના યુવકોને સાથે જોડીને મશાલ સરઘસનું આયોજન કર્યુ હતું, જેમાં યુવાનોના હાથમાં ક્રાંતિવીરોના ફોટા, બેનર અને સળગતી મશાલો શોભતી હતી, સાથે રાષ્ટ્રભક્તિનાં ગીતો ગુંજતા હતા. ભારત માતા કી જય, ઇન્કલાબ જિંદાબાદ, વંદેમાતરમ્ જેવાં નારાઓથી ટંકારાની ગલીઓ ગુંજી ઊઠી હતી. બે કલાક ચાલેલા સરઘસને જોવાગ્રામજનો ઉમટી પડ્યા હતાં.



સરઘસમાં આર્યવીર દળ ટંકારાનાં આર્યવીરો ઉપરાંત આર્યસમાજ ટંકારાનાં સદસ્યો, ઉપદેશક વિદ્યાલયના વિદ્યાર્થીઓ, ટંકારાના રાષ્ટ્રપ્રેમી યુવાનો, સરપંચ ધર્મેન્દ્રભાઇ ત્રિવેદી વગેરે જોડાયા હતા.

આ પ્રસંગે સ્થાનિક જનતામાં અમર શહીદોનો પરિચય આપતી પત્રિકાઓનું વિતરણ કરવામાં આવેલ હતું.

વ્યવસ્થામાં પોલીસની મદદમળી હતી.

# સાર્વદેશિક આર્યવીરાંગના દળનો રાષ્ટ્રિય પ્રશિક્ષણ શિબિર ૧ જૂન થી ૮ જૂન ટંકારા (ગુજરાત) ખાતે યોજાશે.

સાર્વદેશિક આર્ય વીરાંગના દળનો રાષ્ટ્રીય વાર્ષિક પ્રશિક્ષણ શિબિર આગામી તા.૧ જૂન થી ૮ જૂન ૨૦૧૪ સુધી મહર્ષિ દયાનંદ સરસ્વતી સ્મારક મહાલય - ટંકારા ખાતે યોજાશે. જેમાં ભારતનાં વિવિધ પ્રાંતોની આર્યવીરાંગનાઓ ભાગ લેશે અને શારીરિક તથા બૌદ્ધિક પ્રશિક્ષણ મેળવશે.

ગુજરાતની બાળાઓને આ શિબિરમાં જોડાવા આમંત્રણ છે. ૧૩ થી ૨૦ વર્ષની વયની કોઇ પણ બાળાઓ શિબિરમાં જોડાઇ શકશે. ભાગ લેવા ઇચ્છતી બાળાઓએ પોતાના વાલીની સંમતિ સાથે નિયત પ્રવેશપત્ર અને શિબિર ફી રૂ.૨૫૦/- તા.૨૦-૫-૧૪ સુધીમાં ટંકારા ખાતે પહોંચતા કરવાના રહેશે. પ્રવેશપત્ર નજીકની આર્યસમાજમાંથી મળશે, અથવા શિબિર સંચાલકનો સંપર્ક કરવો.

શિબિરાર્થીએ સાથે લાવવાની વસ્તુઓ સફેદ સલવાર, સફેદ કુર્તો, કેસરી દુપટ્ટો, સફેદ સુઝ, સફેદ મોજા, સાદાં કપડાં, ન્હાવા-ધોવાનો સામાન, દંતમંજન, ઓઢવા-પાથરવાની ચાદર, નોટબૂક, પેન.

| | | |
|---|---|---|
| હસમુખ પરમાર | રામદેવ શાસ્ત્રી | સાધ્વી ઉત્તમાયતિ |
| સંચાલક | વ્યવસ્થાપક | શિબિરાધ્યક્ષા |
| ૯૯૭૯૩૩૩૩૪૮ | ૯૯૧૩૨૫૧૪૪૮ | ૯૬૭૨૨૮૬૮૬૩ |

# ગુજરાતની આર્યસમાજોમાં ઉજવાયો આર્યસમાજનો ૧૪૦ મો સ્થાપના દિવસ

યુવપ્રવર્તક મહર્ષિ દયાનંદ સરસ્વતીએ માનવમાત્રના કલ્યાણ માટે સ્થાપેલ આર્યસમાજનો ૧૪૦મો સ્થાપના દિવસ ગુજરાતની આર્યસમાજોએ ઉત્સાહપૂર્વક ઉજવ્યો હતો, જેના સંકલિત અંશો આ મુજબ છેઃ-

૦ **આર્યસમાજ ટંકારા**માં પ્રાતઃકાલીન વેળાએ પવિત્ર યજ્ઞનું આયોજન થયું. ત્યાર બાદ આર્યસમાજ, ટંકારાના પ્રમુખ શ્રી અમૃતલાલભાઈ બુદ્ધદેવના વરદ હસ્તે ઓમ્ ધ્વજ ફરકાવવામાં આવ્યો. ઉપદેશક મહાવિદ્યાલયના વિદ્યાર્થી યાદવેન્દ્રજીએ ધ્વજગાન ગવડાવ્યું.



બીજા સત્રનો પ્રારંભ આર્યવીરોની વિચાર ગોષ્ઠીથી થયો. જેમાં યુવાનોએ પોતાના જીવન ઉપર આર્યસમાજનો પડેલ પ્રભાવ અને આર્યસમાજની મહત્તા ઉપર પ્રકાશ પાડયો હતો. આ તકે આર્યવીર દળના આર્યવીર ભરતભાઇ ગોવિંદભાઇ લો પી.એચ.ડી.ની ડિગ્રી પ્રાપ્ત કરતા તેમનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવેલ હતું. ઉલ્લેખનીય છે કે તેમનો શોધ નિબંધનો વિષય હતો. ગુજરાતમાં **આર્યસમાજનો વિકાસઃ** જેને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ માન્ય રાખી ડોકટરેટની ઉપાધિ એનાયત કરી છે.

આ પ્રસંગે આચાર્ય રામદેવજી શાસ્ત્રી અને આચાર્ય નવાનંદજીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરી આર્ય અને આર્યસમાજનો પરિચય આપ્યો હતો. સંચાલન મંત્રી હસમુખ પરમાર અને દેવકુમાર પડસુંબિયાએ કર્યુ હતું.

૦ **આર્યસમાજ હાથીખાના રાજકોટ** દ્વારાઆજના પ્રસંગે વહેલી સવારે રેસકોર્સ રિંગરોડ ખાતે પ્રભાત ફેરીનું આયોજન કરવામાં કરવામાં આવેલ હતું. આશરે બે કિલોમીટર જેટલો રિંગ રોડ પ્રભુભક્તિના રંગોથી રંગી દીધો હતો. પ્રભાત ફેરીમાં જોડાયેલાઓ માતાઓ અને ભાઇઓએકેસરી સાફા ધારણ કરી વાતાવરણમાં લાલીમા પીરસી દીધી હતી. પ્રભાત ફેરીની સમાપ્તિ લાફિંગ કલબ ખાતે કરવામાં આવી હતી. જ્યાં યજ્ઞનું આયોજન રાખવામાં આવેલું હતું. જેમાં લાફિંગ કલબનાં સભ્યો પણ જોડાયા હતાં.

કાર્યક્રમનો બીજો ભાગ સાયંકાલીન ૪ થી ૮:૩૦ સુધી વિશેષ આયોજન સાથે સંપન્ન થયો. જે આર્યસમાજની નવી શાખા માયાણીનગર ખાતે રાખવામાં આવેલ. સાયંકાલીન યજ્ઞ બાદ ઉપસ્થિત મહાનુભાવોએ પોતાના વિચારો રજુ કર્યા હતાં. જેમાં આચાર્ય રામદેવ શાસ્ત્રી, હસમુખભાઇ પરમાર, બ્ર. રવીશ આર્ય, ન્યાયધીશ કારાણી સાહેબે આર્યસમાજની મહિમા અને દેશ ઉધ્ધારમાં આર્યસમાજની ભૂમિકાની ચર્ચા કરી હતી. કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને શ્રી સુરેશચંદ્ર અગ્રવાલ (પ્રધાન ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા) બિરાજ્યા હતાં અને અધ્યક્ષીય ઉદ્‌બોધન કરતા જણાવ્યું હતુ કે આર્યસમાજે છઠ્ઠો નિયમ હંમેશા નજર સમક્ષ રાખી કાર્ય કરતા રહેવું જોઇએ.

– અનુસંધાન પાના ૮ પર...

# સાર્વદેશિક આર્ય પ્રતિનિધિ સભા દ્વારા પ્રેરિત અને ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા દ્વારા આયોજિત આર્ય પરિવાર વિવાહ યોગ્ય યુવક-યુવતી પરિચય સંમેલન

સાર્વદેશિક આર્યપ્રતિનિધિ સભાની પ્રેરણાથી ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા દ્વારા આર્ય પરિવાર વિવાહ યોગ્ય યુવક-યુવતી પરિચય સંમેલન યોજવામાં આવનાર છે. જેના સ્થળ અને તારીખ હોવે પછી જણાવવામાં આવશે. જે આર્ય પરિવારો પોતાના વિવાહ યોગ્ય પુત્ર/પુત્રીઓની નોંધણી કરાવવા ઇચ્છતા હોય તેઓએ આ સાથેનું નોંધણી પત્રક તમામ વિગતો ભરીને તેની સાથે 'ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા' ના નામ રૂા.૨૦૦ (રૂા. બસો) નો ડિમાંડ ડ્રાફ્ટ જોડીને તા.૩૧-૦૫-૨૦૧૪ સુધીમાં ડૉ. અવિનાશ ભટ્ટ સંયોજક, આર્ય પરિવાર વિવાહ યોગ્ય યુવક-યુવતી પરિચય સંમેલન C/O આર્યસમાજ, આર્યસમાજ માર્ગ, ખંભાળિયા દરવાજા બહાર, જામનગર પિન : ૩૬૧ ૦૦૫ ના સરનામે મોકલી આપવું.

## નોંધણી પત્રક

નોંધણી નંબર : રસીદ નંબર

### વ્યક્તિગત માહિતી

ઉમેદવારનો તાજેતરનો ફોટો લગાવવો.

૧. યુવક/યુવતીનું નામઃ.................................... ગોત્ર : ............
૨. જન્મ તારીખઃ........................જન્મ સ્થાન : ...........................
૩. રંગઃ........... વજન : ............... ઊંચાઇ : ..............
૪. યોગ્યતા (શૈક્ષણિક તથા અન્ય) : ........................................................
૫. ધંધો / વ્યવસાય કરતા હોય તો તેની વિગત અને સરનામું : ..............................................
..............................................................................................................................
૬. માસિક આવકઃ..........................................................

### પારિવારિક માહિતી

૭. પિતા/પાલકનું નામઃ..............................વ્યવસાય .............. માસિક આવક ...............
૮. પૂરુ સરનામું:..........................................................
ફોન નંબરઃ...................... મોબા. ............ ઇમેઇલ ...................
૯. મકાન પોતાનું છે / ભાડે છે.:.....................................................................
૧૦. માતાનું નામઃ......................... અભ્યાસ ............ વ્યવસાય.......................
૧૧. ભાઇ - વિવાહિત :......................... અવિવાહિત : ............................
બહેન - વિવાહિતઃ......................... અવિવાહિત : ...........................
૧૨. ઉમેદવાર / વાલી કયા આર્યસમાજના સદસ્ય છે ? ..................................................
૧૩. યુવક / યુવતીની પસંદગી અંગે ટૂંકી વિગત આપવી : ..............................................
૧૪. યુવક/યુવતી નીચેનામાંથી જો હોય તો ✓ કરો.
વિધુર ☐ વિધવા ☐ છૂટાછેડા ☐ અપંગ ☐
૧૫. અન્ય જરૂરી બાબત જણાવવા ઇચ્છતા હોય તો અહીં ટૂંકમાં જણાવો.
..............................................................................................................................
તારીખ : ............................પિતા / માતા / વાલીની સહી, ..........................

**નોંધ :**

૧. વિવાહ સંબંધ બંને પક્ષોએ પોતાની આપસની સંતુષ્ટીથી કરવો. પ્રાંતીય સભા આ માટે જવાબદાર રહેશે નહીં.
૨. પરિચય સંમેલનમાં માતા-પિતા/વાલીએ પોતાના પુત્ર-પુત્રીને સાથે લાવવા.
૩. સમયસર નોંધણી પત્રક જમા થયે તેની માહિતી યુવક-યુવતી નિર્દેશિકામાં પ્રકાશિત થશે.

- ડૉ. અવિનાશ ભટ્ટ
સંયોજક
(૯૪૨૬૯ ४૬૨૦૦)

# આર્યસમાજ હાથીખાના રાજકોટ દ્વારા હોળી પર્વની ઉજવણી

આર્યસમાજ હાથીખાના રાજકોટ દ્વારા તા.૧૬-૩-૨૦૧૪ ને રવિવાર સાંજના ૪ થી ૬ કલાકે હોળી નિમિત્તે હસનવાડી મેઈન રોડ, અમરનાથ ચોક રાજકોટમાં બાબુભાઇ ખાંડેખા તથા ગોવિંદભાઇ સાવલીયાના સહકારથી ૫ કુંડી શેરી યજ્ઞના કાર્યક્રમનું કરવામાં આવેલ.

નવશસ્યેષ્ઠિ પર્વ નિમિત્તે વૈદિક મંત્રો સાથે નવા ધાન્ય જેવા કે ઘઉં, ચણા, જવની આહુતિ આપી હતી.

પંડિત શ્રી વિરબહાદુર શાસ્ત્રી એ હોળી પર્વ શા માટે ઉજવવામાં આવે છે ? અને કેવી રીતે હોળી પર્વ ઉજવવો જોઇએ તેની વિસ્તૃત માહિતી આપતા જણાવેલ કે હોળી છાણા તેમજ અન્ય લાકડાઓથી ગોઠવી તેમાં હોલિકાના પુતળા સાથે પ્રહલાદનું પુતળુ રાખી હોળી પ્રગટાવવામાં આવે છે. તેવું વિધાન વેદમાં જણાવવામાં આવેલ નથી પરંતુ હોળી રૂપી ઈર્ષા, વેરભાવ વગેરેનો નાશ કરી પ્રહ્લાદ રૂપી સારી વાતો જેવી કે પ્રેમ, ભાઇચારો, માનવતા, પશુ-પક્ષી, જીવ-જંતુ વગેરે ઉપર દયાભાવ રાખી સત્યના માર્ગે ચાલવું જોઇએ.

આર્યસમાજના મંત્રી શ્રી રણજીતસિંહ પરમારે જણાવેલ કે બાબુભાઇના સહકારથી દર વર્ષે હોળી પર્વ નિમિત્તે અમરનાથ ચોકમાં શેરી યજ્ઞનું આયોજન કરવામાં આવે છે.

# આર્યસમાજ હાથીખાના રાજકોટના સત્સંગમાં આચાર્ય જ્ઞાનેશ્વરજીનું પ્રવચન યોજાયું

આર્યસમાજ હાથીખાના રાજકોટ દ્વારા તા.૯-૩-૨૦૧૪ ને રવિવાર સાંજના સાપ્તાહિક સત્સંગમાં ૫ થી ૭ આર્યસમાજના સહમંત્રી શ્રી ગોવિંદભાઇ મેઘજીભાઇ પટેલના નિવાસ સ્થાન 'આનંદ' ઇન્દ્રપ્રસ્થ નગર-૨, રાજકોટ ખાતે યોજવામાં આવેલ. પંડિત વીરબહાદુર શાસ્ત્રી સુખી કેમ થવાય તે વિષય ઉપર મધુર ભાષામાં પ્રવચન આપવમાં આવેલ. પંડિત દેવેન્દ્રકુમાર શાસ્ત્રી દ્વારા સંસ્કારોનું મહત્વ બહુજ સરળ વાણીમાં સમજાવવામાં આવ્યું.

પારિવારિક સત્સંગમાં વાનપ્રસ્થ સાધક આશ્રમ, રોજડ પધારેલા શ્રી આચાર્ય જ્ઞાનેશ્વરજીનું પ્રવચન ઇશ્વરની સાચી ભક્તિ અને આસ્તિક અને નાસ્તિક કોને કહેવાય ? તે વિશે યોજાયેલું હતું.

**–અનુસંધાન ૬નું ચાલુ...**

કાર્યક્રમમાં ગુજરાત સરકારના મંત્રીશ્રી ગોવિંદભાઇ પટેલ અને રાજકોટ મહાનગર પાલિકાના મેયર શ્રીમતી રક્ષાબેન બોળિયા ઉપસ્થિત રહ્યા હતાં.

આ પ્રસંગે આર્યવીરોએ અંગે કસરતનાં દાવ-આસન-કરાટે-પિરામિડ વગેરે રજુ કરી દર્શકોની પ્રશંસા મેળવી હતી.

પરંપરાનુસાર આર્યસમાજ દ્વારા આર્યવીરો અને આર્યસમાજનાં સદસ્ય સંતાનોની ધો. ૧ થી કોલેજ સુધીની શૈક્ષણિક સિદ્ધિને બિરદાવવામાં આવી હતી અને તમામને પુરસ્કારો આપવામાં આવ્યા હતાં.

કાર્યક્રમનું સંચાલન પં. દેવેન્દ્ર શાસ્ત્રીએ કર્યુ હતું. શતાયુમાં પ્રવેશેલ શ્રી પોપટભાઇ ચૌહાણની ઉપસ્થિતિ અને સ્ફૂર્તિ દરેકનું ધ્યાન ખેંચતી હતી.

૦ **આર્યસમાજ પોરબંદર** દ્વારા ૧૪૦માં સ્થાપના દિવસની ઉજવણીના ભાગરૂપે પ્રભાતફેરી, વિશેષ યજ્ઞ, ઓમ્ ધ્વજોત્તાલન બાદ મુખ્ય વક્તા આચાર્ય અજયજીનાં પ્રવચનો યોજાયા હતાં. આર્યસમાજના પ્રમુખ શ્રી એચ.કે.મોતીવરસ મંત્રી શ્રી ધનજીભાઇ આર્ય, શ્રી કંતિભાઇ મોનાણી વગેરેએ પ્રાસંગિત વકતવ્ય રજુ કર્યા હતાં.

સાયંકાલીન સત્ર ઉદ્યોગપતિ શ્રી મનીષભાઇ સિંધવની ઉપસ્થિતમાં યોજાયું હતું. જેમાં મુખ્યવકતા શ્રી આચાર્ય અજયજી (સોનીપત) એ આધ્યાત્મિક પ્રવચન આપી માનવ જીવનનું લક્ષ્ય શું છે તે સમજાવ્યું હતું.

૦ **આર્યસમાજ (કાંકરિયા) અમદાવાદ** દ્વારા ૧૪૦માં સ્થાપના દિવસ વિશેષ યજ્ઞથી આરંભ થયો હતો. જેમાં આચાર્ય શૈલેન્દ્રજી (ગાંધીનગર)એ ઉદ્બોધન કર્યુ હતું અને આર્યસમાજનાં ઉદ્દેશોને સમજાવ્યા હતાં. આ પ્રસંગે ડૉ. કમલેશકુમાર શાસ્ત્રીએ પાવર પોંઇટ પ્રઝન્ટેશન દ્વારા મહર્ષિ દયાનંદ રચિત વ્યવહાર ભાનુ ગ્રન્થ ઉપર પ્રશ્નાવલી રજુ કરી હતી. શ્રોતાજનોએ ઉત્તરો આપ્યા હતા. અને વધુ ગુણ મેળવનારને બિરદાવવામાં આવેલ હતા.

કાર્યક્રમમાં ઉપસ્થિત આર્ય મહાનુભાવોનું સ્વાગત અને સંચાલન શ્રી સુરેશન્દ્ર અગ્રવાલે કર્યુ હતું.

# વૈદિક શબ્દ કોઠો

• શાંતિલાલ ધૂળકોટિયા

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | | | પુ | | | | મ | | મ |
| 2 | | ન | | | ■ | 3 બ | | વા | |
| 4 | સં | | જ્ઞા | | ■ | 5 | ની | | લ |
| 6 | | લા | | પ | | | | ■ | ■ |
| 7 સ્વા | | | વ | ■ | 8 | | ક | | |
| 9 બ્રા | | મુ | | | ■ | 10 | | | |
| 11 | | | | ■ | 12 | ર | | | ■ |
| 13 સં | | હા | | ય | ■ | 14 જા | | વા | |

**દરેક આડી લાઇન**

૧ ઋષિઓ દ્વારા નિર્ધારિત મર્યાદાઓનું સરસ રીતે પાલન કરનાર મહાપુરુષ(૧૦)
૨ આર્યસમાજ દ્વારા મનાવવામાં આવતા પર્વોમાંથી એક પર્વ (૫)
૩ સ્વામી શ્રધ્ધાનંદ લાહોર કઇ આર્યસમાજના સદસ્ય રહ્યા હતા. (૪)
૪ બે પ્રકારની સમાધિ માં કઇ ઈશ્વર પ્રાપ્તિ કરાવે છે(૫)
૫ મહાત્મા હંસરાજના પિતાનું નામ શું હતું (૪)
૬ જૈન પરિવારમાં જન્મેલા પંજાબ ના આર્ય મહાપુરૂષ (૮)
૭ ૧૪ મનવંતર માં સર્વ પ્રથમ મનવંતર (૪)
૮ આર્યો ના સોળ સંસ્કાર માં પાંચમો સંસ્કાર (૫)
૯ સવાર ના ક્યા સમયે ઊઠી જવાથી પ્રસન્નતા મળે (૫)
૧૦ કામ ક્રોધાદિ મનોવૃત્તિઓને છોડવી એ ક્યો ત્યાગ શારીરિક કે માનસિક
૧૧ વાયુ ઋષિને ઈશ્વરને ક્યા વેદ નું જ્ઞાન પ્રાપ્ત કરાવ્યું (૪)
૧૨ તલ માં તેલ, દહીમાં ઘી, અરણ્યોમાં અગ્નિ છુપાયેલ છે તો સંસારની દરેક વસ્તુમાં કોણ છુપાયું છે (૪)
૧૩ ભગતસિંહને જે દોરડાથી ફાંસી અપાઇ તે દોરડાનો પત્તો નથી પરંતુ ગાંધીજી જે દોરડા થી બકરી બાંધતા તે દોરડું અહીં સચવાયું છે. (૫)
૧૪ આપણા રાષ્ટ્રની મહામારી (૪)

**શબ્દ કોઠાનો ઉકેલ આવતા અંકે. સાચા જવાબ આપનારના નામ આગામી અંકમાં છપાશે.**



આર્યવીર ભરતભાઈ ગોવિંદભાઈ લો પી. એચ. ડી. થતા આર્યસમાજ ટંકારા દ્વારા સન્માન કરતા આચાર્ય રામદેવ શાસ્ત્રી તથા પ્રમુખ શ્રી અમૃતલાલભાઈ બુદ્ધદેવ

## આર્યવીર દળ ગુજરાત ગ્રીષ્મ કાલીન વાર્ષિક પ્રશિક્ષણ શિબિર યોજાશે

આર્યવીર દળ ગુજરાતની આગામી ગ્રીષ્મ કાલીન વાર્ષિ પ્રશિક્ષણ શિબિર સંત ઓધવ રામ વૈદિક ગુરુકુળ, ભવાનીપુર (કચ્છ) ના સહયોગથી તા.૫–૫–૨૦૧૪ થી તા.૧૧/૫/૨૦૧૪ સુધી યોજવામાં આવેલ છે. જેમાં ૧૩ થી ૨૦ વર્ષની વયના આર્યવીરો ભાગ લઈ શકશે. શિબિરમાં આર્યવીર શ્રેણી અને શાખા નાયક શ્રેણીનું પ્રશિક્ષણ આપવામાં આવશે. શિબિરમાં જોડાવા ઈચ્છતા આર્યવીરોએ નજીકની આર્યસમાજ અથવા શાળાના આચાર્ય મારફત નિયત પ્રવેશપત્ર તથા શિબિર ફી રૂા.૨૦૦/– વહેલી તકે ભરી દેવી.

શિબિર સ્થળ સંત ઓધવરામ વૈદિક ગુરુકુળ મુ. ભવાનીપુર, તા. અબડાસા, જિ. કચ્છ (ફોન નં. ૦૨૮૩૧–૨૮૮૨૫૫) રહેશે.
શિબિર સ્થળે તા.૪–૫–૨૦૧૪ રવિવાર ના રોજ સાંજે પાંચ કલાકે પહોચવાનું રહેશે.

# खुद ईश्वर तेरे तात

उनकी आज्ञा में चलनविला अवगति को क्या जानें ?
नेकी है जिसका प्राण वो बेइमानी क्या जानें ?
जसके हिये में राम किताब ढीग क्यों जावें ?
भीतर गरजे औध गुरूजन की वो क्यों माणें ?
गुरुओं का गुरु भीतर तेरी बस रहा है ।
वो बाहर की दौडमदौड करना क्या जानें ?
चल हो जा सावध अब स्थिर मन में हो लें ।
खुद ईश्वर तेरे तात अवर को तूं क्या जानें ?

रमण नावलीकर
झण्डा चौक, नावली। ३८८ ३५५
तह. जिला : आणंद (गुजरात)

## માર્ચ–૧૪ વૈદિક શબ્દકોઠાનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 જી | વા | પ | રા | ■ | 2 મૂ | ળ | શં | ક | ર |
| 3 ગ | ઢ | ની | રાં | ગ | ■ | 4 મૂ | ર્તિ | પૂ | જા |
| 5 ચો | વી | સ | ■ | 6 કુ | બે | ર | ના | થ | ■ |
| 7 સા | મા | ન્ય | સ | દ | સ્ય | ■ | 8 ભ | ગ | વા |
| 9 મા | મ | લ | ત | દા | ર | ■ | 10 છ | ત્રી | સ |
| 11 મ | ધો | બા | ગ | ■ | 12 ભિ | ના | ય | કો | ઠી |
| 13 ઝ | વે | ર | ચં | દ | મે | ઘા | ણી | ■ | ■ |
| 14 વૈ | રા | ગ્ય | ■ | 15 સ | ત્યા | ર્થ | પ્ર | કા | શ |

# આર્યાભિવિનય

મહર્ષિ દયાનંદ સરસ્વતી

यो विश्वस्य जगतः प्राणतस्पतिर्यो ब्रह्मणे प्रथमो गा अविन्दत् ।
इन्द्रो यो दस्यूँरधराँ अवातिरन् मरुत्वन्तं सख्याय हवामहे ।।४४।।
ऋ० १।७।१२।५।।

**વ્યાખ્યાન :** હે મનુષ્યો ! જે સર્વ જગત (સ્થાવર) જડ–પ્રાણરહિતના અને प्राणतः ચેતન જગતના पतिः અધિષ્ઠાતા અને પાલક છે. તથા જે સર્વ જગતના પૂર્વ આદિમાં સદાથી વિદ્યમાન છે. અને ब्रह्मणे, गाः, अविन्दत् જેણે એવો નિયમ બનાવ્યો છે કે પૃથ્વીનું રાજ અને તેનો લાભ બ્રહ્મ અર્થાત્ વિદ્વાનોને માટે જ છે. અને જે इन्द्रः પરમ ઐશ્વર્યવાન્ પરમાત્મા ડાકુઓ–લુંટારાઓનું अधरान् પતન કરે છે. તથા તેને મારી જ નાખે છે. मरुत्वन्तं सख्याय, हवामहे મિત્રો ! ભાઇઓ ! આવો આપણે સર્વે અત્યંત પ્રીતિપૂર્વક મળીને મરુત્વાન્ અર્થાત્ પરમ અનન્ત બલવાન ઈન્દ્ર પરમાત્માને મિત્ર થવા માટે પ્રાર્થનાથી અત્યંત ગદ્‌ગદિત થઇને બોલાવીએ. તે શીઘ્ર કૃપા કરીને આપણી સાથે સખિત્વ (પરમ મિત્રતા) કરશે. એમાં જરાપણ સંદેહ નથી. ॥૪૪॥

## અંધવિશ્વાસ અને તેનું નિવારણ

– મદન રહેજા

અંધવિશ્વાસ - ભૂત-પ્રેત-ડાકણ-રાક્ષસ-અસુર વગેરેનું અસ્તિત્વ છે; અને તેનાથી છૂટવુ મુશ્કેલ છે.

નિવારણ - આ બધી બાબતો ડર પેદા કરાવવા માટે છે. જે નબળા મનનાં અને અજ્ઞાની લોકોને પ્રભાવિત કરે છે. આને ટૂંકમાં સમજીએ -

ભૂત - વિતી ગયેલા સમયને ભૂત કહે છે.

પ્રેત - મૃત શરીરને પ્રેત કહે છે.

ડાકણ - આ સ્ત્રીલિંગ શબ્દ છે. કોઈ સ્ત્રી ઉપર ખોટી રીતે આરોપ લગાવી તેને બદનામ કરવામાં આવે છે.

રાક્ષસ - આ કાલ્પનિક શબ્દ છે. પાપ કર્મ કરનારાં તમામ "રાક્ષસ" કહેવાય છે.

અસુર - માનવતા ચૂકીને અમાનવીય વ્યવહાર કરનાર "અસુર" કહેવાય છે.

ઉપરોક્ત શબ્દોની ભ્રાંતિ ફેલાવીને લોકોમાં ડર ફેલાવવામાં આવે છે. લોકો માત્ર સાંભળેલી વાતોનું વતેસર કરીને ડર પેદાં કરે છે; અને કેટલાંક લોકોના મનમાં આવી ભ્રાંતિ ઘર કરી જાય છે. જેના કારણે ડરી ગયેલ વ્યક્તિ મનોરોગી બની જાય છે. વળી અજ્ઞાની સમાજનાં લોકો આવા મનોરોગીનો ઈલાજ ડોકટર કોઈ પાસે કરાવવાના બદલે ભૂવા-ભારાડી કે બાવા-ફકીર પાસે દોડી જાય છે. પરિણામે રોગ મટવાના બદલે વધતો જાય છે, અને વળી આવાં દોરા-ધાગા કરનારનો પ્રચાર કરનારા પણ હોય છે. જે લોકો વાસ્તવિકતાથી ઘણાં દૂર લઈ જાય છે. માત્ર એટલું જ નહીં પરંતુ આમ થવાનું કારણ કોઈ ખાસ જગ્યા, બંધ મકાન, ઝાડ-ઝાંખરા કે કોઈ વ્યક્તિ છે તેવું મનમાં ઠસાવી દે છે. જે એક ગુન્હાહિત કૃત્ય છે. લોકોને ગેરમાર્ગે દોરનારા આવાં તત્વો સજાને પાત્ર છે.

જેમના મનમાં આ પ્રકારનો ડર પ્રવેશી ગયો હોય તેમને તેમાંથી મુકત કરવાનો સરળ માર્ગ છે ઈશ્વર સ્મરણ, ઈશ્વરનું નામ સ્મરણ આત્મબળ વધારે છે. ઈશ્વરના નામને અર્થ સહિત સ્મરણ કરતા રહી તે મુજબ આચરણ કરવાથી આત્મ બળ વધે છે. ઉપરાંત વૈદિક સાહિત્યનો સ્વાધ્યાય, ધાર્મિક ગ્રન્થોનું વાચન કરવાથી જ્ઞાન પ્રાપ્તિ થાય છે. અજ્ઞાનતાનો પડદો દૂર થઈ જાય છે. એના વડે જ અંધશ્રદ્ધા અને અંધવિશ્વાસનું નિવારણ થાય છે.

BOOK-POST

**પ્રેષક :-**
**આર્ય વૈદિક દર્શન**
**આર્યસમાજ,**
**ટંકારા - ૩૬૩૬૫૦.**
**જિ. રાજકોટ**

**પ્રતિ,** ______________________

**પ્રકાશક અને મુદ્રક :** શ્રી સુરેશચંદ્ર અગ્રવાલ, (પ્રધાન) એ ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા માટે નચિકેત આર્ટ પ્રિન્ટર્સ – ૧૧, ગેલેકસી કોમર્શિયલ સેન્ટર, જવાહર રોડ, રાજકોટ. મો. : ૯૮૨૪૨ ૧૮૩૨૩, E-mail : alpaprinters@yahoo.com માં છપાવી પ્રકાશન કાર્યાલય આર્ય સમાજ ટંકારાથી પ્રસિધ્ધ કર્યુ.
**સંપાદક :** હસમુખ પરમાર –૯૮૭૯૩ ૩૩૩૪૮, **સહ સંપાદક :** સદગુણા આર્યા –૯૯૨૫૨ ૨૪૨૮૬, **વ્યવસ્થાપક :** પ્રવીણ ઠાકર – ૯૪૨૮૨૦૨૪૫૮